# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-05-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# GSEB BOARD RESULT

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-12નું પરિણામ જાહેર કરાયું છે. શિક્ષણ મંત્રી ડૉ.કુબેર ડિંડોરે વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી.

(બાઇટ: ડૉ.કુબેર ડિંડોર, શિક્ષણ મંત્રી)

રાજ્યમાં રાજકોટ જિલ્લાનું ગોંડલ વિજ્ઞાન પ્રવાહમાં સૌથી વધુ 96 પૂર્ણાંક 60 ટકા પરિણામ ધરાવતું કેન્દ્ર બન્યું છે, જ્યારે સૌથી વધુ 92 પૂર્ણાંક 91 ટકા પરિણામ ધરાવતો જિલ્લો મોરબી છે. સામાન્ય પ્રવાહમાં સપ્રેડા, વાંગધ્રા, ચંદ્રાલા, છાલા, લીમ્બોદ્રા, તેમજ મીઠાપુર જેવા છ કેન્દ્રોનું 100 ટકા પરિણામ આવ્યું છે. જ્યારે બનાસકાંઠા સૌથી વધુ 97 પૂર્ણાંક 20 ટકા પરિણામ ધરાવતો જિલ્લો બન્યો છે.

દરમિયાન, શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી. તેમજ નાપાસ થયેલા વિદ્યાર્થીઓને બેસ્ટ ઓફ ટુ પરીક્ષા અંતર્ગત ફરીથી પરીક્ષા આપી પોતાનું પરિણામ સુધારી શકશે, તેમ જણાવ્યું.

(બાઇટ: પ્રફુલ પાનશેરીયા, શિક્ષણ રાજ્યમંત્રી)

. . . . . . . . . . . .

# BOARD EXAM RESULT - DISTRICT

રાજ્યમાં આજે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ધોરણ 12 સામાન્ય અને વિજ્ઞાન તેમજ ગુજકેટનું પરિણામ જાહેર કરાયું છે. સત્તાવાર યાદી મુજબ, વિજ્ઞાન પ્રવાહનું કુલ પરિણામ સરેરાશ 83.51 ટકા અને સામાન્ય પ્રવાહનું કુલ પરિણામ સરેરાશ 93.07 ટકા જાહેર થયું છે.

દરમિયાન બોટાદ સામાન્ય પ્રવાહમાં સરેરાશ 97 પૂર્ણાંક 05 ટકા પરિણામ સાથે સમગ્ર રાજ્યમાં બીજા ક્રમે રહ્યું છે. જ્યારે વિજ્ઞાન પ્રવાહમાં કુલ સરેરાશ પરિણામ 92 પૂર્ણાંક 01 ટકા સાથે જિલ્લો રાજ્યમાં ત્રીજા ક્રમાંકે રહ્યો હોવાનું બોટાદના અમારા પ્રતિનિધિ પ્રકાશ ભિમાણી જણાવે છે.

ભરૂચના અમારા પ્રતિનિધિ વાહિદ મશહદી જણાવે છે, ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહમાં 84 પૂર્ણાંક 44 ટકા પરિણામ સાથે ઝાડેશ્વર કેન્દ્ર સૌથી અગ્રેસર રહ્યું છે. જ્યારે સામાન્ય પ્રવાહમાં સૌથી વધુ પરિણામ 94 પૂર્ણાંક 85 ટકા પરિણામ અંકલેશ્વર કેન્દ્રનું છે.

મહેસાણાના અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે, જિલ્લામાં સામાન્ય પ્રવાહનું સરેરાશ પરિણામ 95 પૂર્ણાંક 08 અને વિજ્ઞાન પ્રવાહનું કુલ સરેરાશ પરિણામ 86 પૂર્ણાંક 45 ટકા જાહેર થયું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડીયા સંદેશમાં વિદ્યાર્થીઓને ઉજ્જવળ કારકિર્દી બદલ શુભેચ્છાઓ પાઠવી..

. . . . . . . . . . . .

# CM THALTEJ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું, ભારતીય સંસ્કૃતિ હજારો વર્ષોથી લોકોને ધર્મ, કરૂણા, અને શાંતિના માર્ગે દોરી રહી છે. અમદાવાદના થલતેજ ખાતે કૈવલ જ્ઞાન પિઠાધીશ્વર જગતગુરુ શ્રી અવિચલદેવાચાર્યજી મહારાજના સન્માન સમારોહમાં શ્રી પટેલે આ મુજબ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે આરોગ્ય સુખાકારીની સેવાઓ, સમુહ લગ્નોત્સવ, જળ સંચય કે કુદરતી આપત્તિની સ્થિતિ કોઈ પણ સમયે કૈવલ જ્ઞાન સંપ્રદાય સેવા આપવામાં અગ્રેસર હોય છે.

ઉલ્લેખનીય છે કે કૈવલ જ્ઞાન પિઠાધીશ્વર જગતગુરુ શ્રી અવિચલદેવાચાર્યજી મહારાજની ભારતીય સંત સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ચોથી વાર વરણી થતાં તેમનો સન્માન સમારોહ યોજાયો હતો.

. . . . . . . . . . . . .

# AMBAJI SURAKSHA

યાત્રાધામ અંબાજીની સરહદમાં રાજસ્થાન તરફથી આવતા તમામ વાહનોની પોલીસ દ્વારા ચકાસણી કરવામાં આવી રહી છે. દરમિયાન સરહદ પર પોલીસ અને ગૃહરક્ષક દળના જવાનોનો કાફલો તહેનાત કરાયો છે. સરહદ છાપરી પોલીસ ચેકપોસ્ટની સમયાંતરે મુલાકાત લેતા અંબાજી પોલીસમથકના પોલીસ ઇન્સ્પેક્ટર આર. બી. ગોહિલે આ અંગે માહિતી આપી.

(બાઈટઃ આર. બી. ગોહિલ, PI, અંબાજી)

. . . . . . . . . . . . .

# MEHSANA E RICKSHAW

મહેસાણાના વિજાપુર ખાતે કચરાના નિકાલ માટે 31 લાખ 50 હજાર રૂપિયાના ખર્ચે નવ ઈ-રિક્ષા લાવવામાં આવી છે. આ ઈ-રિક્ષાથી વિજાપુરના આગલોડ, પેઢામલી, દેવપુરા, કોટ જેવા નવ ગામમાંથી ઘન કચરો એકત્રિત કરાશે.

. . . . . . . . . . . . .